# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)
## ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)
## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
## જુ.કૃ.યુ., જામનગર- ૩૬૧૦૦૬
તા. ૧૯-૧૦-૨૦૨૨ થી તા. ૨૩-૧૦-૨૦૨૨

**(#Azadi ka Uatsav-Amrit Mahotsav)**

**જામનગર જીલ્લા કૃષિ હવામાન બુલેટીન નં. ૮૨ (૨૦૨૨) તારીખ: ૧૮-૧૦-૨૦૨૨**

(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

## પાછલા અઠવાડીયાનું જામનગર નું હવામાન


| હવામાન પરિબળો | | |
|---|---|---|
| વરસાદ(મી.મી) | | ૦.૦ |
| મહતમતાપમાન(સે.ગ્રે) | | ૩૬.૪–૩૭.૦ |
| લઘુતમતાપમાન(સે.ગ્રે) | | ૨૨.૫–૨૫.૫ |
| ભેજ(%) | સવાર | ૬૨–૭૮ |
| | બપોરબાદ | ૩૪–૪૭ |
| પવનનીગતિ (કિમી/કલાક) | | ૩.૩–૫.૧ |

## હવામાન આગાહી
### ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિભાગ - જામનગર જીલ્લાની હવામાન આગાહી

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૧૯-૧૦-૨૦૨૨ | દિવસ-૨ ૨૦-૧૦-૨૦૨૨ | દિવસ-૩ ૨૧-૧૦-૨૦૨૨ | દિવસ-૪ ૨૨-૧૦-૨૦૨૨ | દિવસ-૫ ૨૩-૧૦-૨૦૨૨ |
|---|---|---|---|---|---|
| વરસાદ (મી.મી.) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહત્તમ તાપમાન (સે.ગ્રે) | ૩૬ | ૩૬ | ૩૫ | ૩૪ | ૩૪ |
| લઘુત્તમ તાપમાન (સે.ગ્રે) | ૨૩ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૩ |
| મહત્તમભેજ (%) સવાર | ૫૧ | ૪૫ | ૫૧ | ૪૫ | ૪૦ |
| લઘુત્તમભેજ (%) બપોર બાદ | ૨૪ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૧ |
| પવનની ગતિ (કિમી/કલાક) | ૧૩.૧ | ૧૧.૯ | ૧૩ | ૧૫.૪ | ૧૩.૩ |
| પવનની દિશા (ડીગ્રી) | ઉત્તર | ઇશાન | પૂર્વ | પૂર્વ | અગ્નિ |
| વાદળની સ્થિતિ | મુખ્યત્વે ચોખ્ખું | મુખ્યત્વે ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું |

નોંધ: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઇ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહી.

ભારત સરકારશ્રીના હવામાન ખાતા તરફથી મળેલ હવામાન માહિતી અનુસાર અત્રેના ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગર તરફથી જણાવવામાં આવે છે કે ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના

| | |
|---|---|
| | મોનીટરીંગ માટે હેકટરે પતિ ૬ ફેરોમેન ટ્રેપ ગોઠવવા. કપાસમાં ગુલાબી ઈયળથી નુકશાન પામેલ ફૂલ અને ચાપવા તોડીને જમીનમાં દાટી દેવા. વધુ નુકશાન હોયતો પ્રોફેનોફોસ ૫૦% ઇ.સી. ૨૦મી.લી.અથવા સાયપરમેથ્રીન ૧૦ મિલી સાથે બ્યુવેરીયા બાસીઆના ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમા મિશ્ર કરી છંટકાવ કરવો.<br> <br>• કપાસમાં થ્રીપ્સ અને લીલી પોપટીનો વધુ ઉપદ્રવ જોવા મળે છે જેના નિયંત્રણ માટે એસીફેટ ૫૦ %+ ઈમીડાક્લોપ્રીડ ૧.૮ એસ.પી. ૧૦ મી.લી. અથવા ફ્લોનીકામીડ ૫૦ % વે.ગ્રે. ૩ ગ્રામ સાથે લીંબોળીનું ૧૫૦૦ પીપીએમ તેલ ૪૦ મીલી અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી/૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br>• અલ્ટરનેરીઆ ફૂગનો પાનના ટપકાનો રોગ લાગે નહિ તે માટે મેન્કોઝેબ ૨૭ ગ્રામ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br>• બી.ટી. કપાસમાં ૪.૫ થી ૫ ફૂટની ઊંચાઇએ ઉપરની ટોચ કાપવી, જેથી સારો ફાલ લાગે.<br>• તેમજ કપાસમાં ફૂલ ભમરી ખરતી અટકાવવા અને સારા ફાલ માટે નેપ્થેલીન એસેટિકએસિડનું ૩૦ પીપીએમનું દ્રાવણ છાંટવું નેપ્થૅલીનએસેટિકઍસીડનુ ૩૦પીપીઍમ દ્રાવણ છાંટવું (પ્લાનોફીક્સ ૭.૫ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છાંટવું). |
| દિવેલા | • સુકારાના નિયંત્રણ માટે કોપર ઓક્સીક્લોરાઈડ ૫૦–૬૦ ગ્રામ ૧૫ લીટર પાણીમાં ભેળવી છોડની ફરતે પાવું.<br> <br>• જમીનમાં ભેજ સંગ્રહી રાખવા માટે આંતર ખેડ કરવી અને નિંદામણ દુર કરવું.<br>• **ચુસીયા પ્રકારની જીવતો:** તડતડીયા, થ્રીપ્સ અને સફેદ માખીના નિયંત્રણ માટે ડાયમીથોએટ .૧૫ મી (%૦૩.૦)લી ૧૦ લીટર પાણીમાં ઓગાળી ૧૫ .દિવસનાં અંતરે જરૂરીયાત મુજબ છંટકાવ કરવો. સફેદ માખીના નિયંત્રણ માટે એસીટામેપ્રાઈડ ૨૦ એસ.પી . ૩ ગ્રામ ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો.<br>• **ઘોડિયા ઈયળ અથવા લીલી ઈયળ:** ઘોડિયા ઈયળ અથવા લીલી ઈયળ ના નિયંત્રણ માટે ડાયકલોરોવોસ ૭૬ ઇસી ૧૦ મિલી અથવા મિથાઈલ ઓ ડેમેટોન ૨૫ ઇસી ૧૫ મિલી ૧૫ લીટર પાણીમાં નાખીને વરાપે છંટકાવ કરવો.<br>  |

